વાઘબારસ ની હાર્દીક શુભકામના

ગાંધીનગર સમાચાર

@ગાંધીનગર

● વેદ વિજ્ઞાન પ્રતિષ્ઠાન દ્વારા રાંધેજા ચોકડી પાસેના આર્યગ્રામ ખાતેની શ્રી કેશવ ગૌશાળા ખાતે વિશ્વના સૌ પ્રથમ યજ્ઞ ચિકિત્સા કેન્દ્ર તેમજ યજ્ઞ વિજ્ઞાન કેન્દ્ર અને અશ્વિનીકુમાર મંદિરની પ્રતિષ્ઠા સંબંધે બપોરે ૧૧ કલાકે એક બેઠક યોજાશે.

સહયોગ સંકુલ દ્વારા નાણાકીય સાક્ષરતા શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૬

શહેરની અગ્રણી બેંક, દેના બેંકના ઉપક્રમે બેંકના મેનેજરશ્રી એ.એલ. જેતાવત દ્વારા સહયોગ સંકુલ ગાંધીનગર ખાતે સુક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગ સાહસિકોના લાભાર્થે નાણાકીય સાક્ષરતા શિબિરનું આયોજન તા. ૨૧-૧૦-૨૦૧૬ને શુક્રવારના રોજ કરવામાં આવ્યું હતું.

આ શિબિરના જાણીતા મહાનુભાવોને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં શ્રી આશિષ ગોગિયા- એજીએમ, ભારતીય રિઝર્વ બેંક, શ્રી વિમલ પ્રકાશ દૂબે, એજીએમ, સિડબી, શ્રી પ્રેમસિંહ નેગી, ડીજેડએમ, દેના બેંક ગાંધીનગર, શ્રી જી.જે. ચૌહાણ ડાયરેકટર, આર. સેટિ અને પ્રવિણચંદ્ર પંડયા, એફએલસી, દેના બેંક ગાંધીનગરને સરકાર અને બેંકની વિવિધ યોજનાઓ, નાણાંકીય સમાયોજન અને સાક્ષરતા અંગે માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ ઉદ્યોગ સાહસિકો માટે ખુબ ઉપયોગી અને સફળ રહ્યો હતો.

દિવ્યાંગ ખેલ મહાકુંભ સ્પર્ધામાં લિંબોદરાના વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ટ દેખાવ

તાજેતરમાં દિવ્યાંગ બાળકોની ખેલ મહાકુંભ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પી.પી.આર. શાહ હાઈસ્કૂલ લીંબોદરાની વિદ્યાર્થીની તન્વી કમલેશભાઈ પટેલે ૧૦૦ મી. દોડમાં પ્રથમ સ્થાન જયારે ચક્કફેંકમાં

બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જયારે સંજય પોપટભાઈ દત્તે ચક ફેંકમાં બીજું સ્થાન પ્રાપ્ત કરી ગૌરવ વધાર્યું હતું. તન્વી રાજયકક્ષાની સ્પર્ધામાં કચ્છ ખાતે ભાગ લેશે.

દિવ્યાંગ ખેલાડીઓને શાળાના વ્યાયામ શિક્ષક શ્રી વિશાલ થોરાતે તાલીમ આપી હતી. આચાર્યશ્રી તેજસિંહ પરમારે તેમને અભિનંદન પાઠવ્યા હતા.

ગ-૩ સર્કલ નજીકથી બાઈક ચોર ઝડપાયો

એલ.સી.બી.એ ચોરીના બાઇક સાથે અમદાવાદનાં શખ્સને પકડી પાડયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરનાં ગ-૩ સર્કલ નજીકથી ચોક્કસ બાતમીને આધારે ગાંધીનગર એલ.સી.બીની ટીમે ગઇ કાલે એક બાઇક ચોરને પકડી પાડયો હતો. પેશન બાઇક લઇને ગ-૩ થી પથિકાશ્રમ તરફ જઇ રહેલા એક શકમંદને પકડી એલ.સી.બીની ટીમે શંકાને આધારે સઘન પુછપરછ કરતા ચારેક વર્ષ પહેલા તેણે આ બાઇક ચોરી કર્યુ હોવાની કબુલાત કરતા તેની ધરપકડ કરી બાઇક જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

જીલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી વાહન ચોરી અટકાવવા તથા વાહનચોરોને પકડવા એલ.સી.બી પી.આઇ આશુતોષ પરમારની ટીમ સક્રિય થઇ છે ત્યારે ગઇ કાલે પેટ્રોલીંગ દરમ્યાન હે.કો જયવિરસિંહને બાતમી મળી હતી કે એક શખ્સ ચોરીના બાઇક સાથે ગ-૩ સર્કલથી પથિકાશ્રમ રોડ તરફ જઇ રહ્યો છે. જેને આધારે આ શખ્સને શંકાસ્પદ હાલતમાં પકડી પાડયો હતો. તેની પાસેથી મળી આવેલા બાઇકનાં ડોક્યુમેન્ટસ અંગે પુછતાછ કરતા ગલ્લાતલ્લા કરવા લાગ્યો હતો. મુળ માંડલનાં અને હાલ બાપુનગર રહેતા આ શખ્સ કાનજી લીલા દેસાઇ પર શંકા પ્રબળ બનતા કડક પુછપરછ કરવામાં આવતા તેણે ચારેક વર્ષ પહેલા આ બાઇક બાપુનગર નજીકથી ચોરી કર્યુ હોવાની કબુલાત કરી લીધી છે. એલ.સી.બી એ બાઇક જપ્ત કરી આરોપીની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

વાતવાતમાં

● ગાંધીનગરમાં દિવાળીનો માહોલ બરાબર જામી ગયો છે. સે-૭, ૨૧ અને સે-૨૪ વગેરેમાં પરંપરાગત રીતે ફટાકડાના સ્ટોલ ઉભા થઈ ગયા હોવાથી નગરજનો પોતાના બાળકો સાથે દારૂખાનાની ખરીદી કરતા નજરે ચઢી રહ્યાં છે.

● દિવાળીના તહેવારની ખરીદીના પગલે બજારોમાં ભીડ જોવા મળી રહી છે. શહેરના સે-૨૧માં ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર ખાતે દિવસ દરમિયાન ભીડના કારણે વારંવાર ટ્રાફિક જામ થવાની સમસ્યા પેદા થઈ રહી છે.

● શહેરના મુખ્યમાર્ગ ચ રોડ પર ચ-૨ થી ચ-૩ વચ્ચેના ભાગે એક ગાય માથાના ભાગે ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં ફરી રહી હતી. આ ગાયને જોઈ ત્યાંથી પોતાની કારમાં પસાર થઈ રહેલા એક જીવદયા પ્રેમીએ તુરંત કાર થોભાવી પશુઓના તબીબને ફોન કરી સ્થળ પર બોલાવી ગાયને સારવાર અપાવવાની તજવીજ હાથ ધરી હતી.

● શહેરમાં રખડતા ઢોરોની સમસ્યા દૂર કરવા મનપા દ્વારા આક્રમક વલણ અપનાવી રોડ પર નડતરરૂપ રખડતાં પશુઓને જપ્ત કરવાની તજવીજ હાથ ધરતા માલધારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ કાર્યવાહીના પગલે પશુપાલકો પોતાના રખડતા પશુઓને પરત લઈ જવા લાગ્યા છે તો બીજી તરફ સેક્ટરોમાં પોતાની જ ગાય સાથે ઘાસચારો લઈ રહીશોને ગાય 'જમાડવાનું' પુણ્ય કમાવી આપવાનો ધંધો કરતા પશુપાલકો પણ અદૃશ્ય થઈ ગયા છે.

શહેરમાં દિવાળીનો માહોલ બરાબર જામ્યો છે, શહેરીજનો નવા વસ્ત્રો, નવા પગરખાં, નવા વાહનો કે નવી ચીજવસ્તુઓ વગેરેની ખરીદી કરી રહ્યા છે. દિવાળીના તહેવારની ઘરાકીના પગલે વેપારીઓ દ્વારા પણ વધુમાં વધુ વેપાર કરી શકાય તે માટે કવાયત હાથ ધરાઈ છે. સે-૨૪ ચાર રસ્તા નજીક શહેરના અગ્રણી સ્પોર્ટસ ઈકિવપમેન્ટ શો-રૂમ કેપિટલ સ્પોર્ટસ દ્વારા સ્પોર્ટઝ શુઝ તથા ટ્રેક સુટ વગેરેના વેચાણ માટે શો રૂમ આગળ સ્ટોલ ઉભો કરવામાં આવ્યો છે. આ સ્ટોલ પર કેપિલ સ્પોર્ટસ દ્વારા જૂના સ્ટોકમાં વધેલા આશરે ૨૫૦ જોડી શુઝનું ગરીબોને દાન કરવામાં આવ્યું હતું. શહેરના જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરીવારના બાળકો તથા યુવાનોને વિના મૂલ્યે સ્પોર્ટસ શુઝ ભેટ આપી તેમણે તહેવારના વેપાર સાથે ઉમદા સામાજિક જવાબદારી અને સેવાનું પ્રેરણાત્મક ઉદાહરણ પરું પાડયુ છે. તેમની આ પહેલ જરૂરિયાતમંદોની દિવાળીમાં ઉલ્લાસના દિપ પ્રગટાવશે.

કોલવડા આયુર્વેદ હોસ્પિટલ ખાતે

પ્રથમ રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી તથા ડાયાબીટીસ અવેરનેસ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

ધનતેરસનો દિવસ ભગવાન ધનવંતરિનો પ્રાગટય દિન હોવાથી તેને 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે. પ્રસંગે ધનવંતરિ પૂજન તેમજ નિઃશુલ્ક મધુમેહ નિદાન સારવાર કેમ્પ તથા તે અંગેની માહિતીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આયુર્વેદ એ આપણું પ્રાચીન ચિકિત્સા શાસ્ત્ર છે. કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી કરવાનું નક્કી કરેલ છે જે દરેક ભારતીય માટે ગૌરવપ્રદ બાબત છે. આ પ્રસંગે નિયામકશ્રી ભા.ત.હો.પ.ની કચેરી, ગાંધીનગરના તથા જિલ્લા વિકાસ અધિકારી-ગાંધીનગરના માર્ગદર્શનથી સરકારી મોડેલ આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ કોલવડા તેમજ જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે કોલવડા આયુર્વેદ હોસ્પિટલ ખાતે તા. ૨૮-૧૦-૨૦૧૬ને શુક્રવારના રોજ પ્રથમ રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી અને ડાયાબીટીશ અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમોમાં અન્ય કાર્યક્રમોનો પણ સમાવેશ થાય છે ઉદઘાટન સમારોહ બાદ ધનવંતરિ પૂજન, મધુમેહ યોગ ચિકિત્સા શિબિર, મધુમેહ નિયંત્રણ માટે આયુર્વેદ આહાર વિહારના મહત્વ પર પરિસંવાદ તથા નિઃશુલ્ક મધુમેહ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. નામ નોંધણી તથા વધુ માહિતી માટે વૈધ ફાલ્ગુન પટેલ-૯૪૨૬૪૦૪૦૦૪, વૈધ દક્ષેન ત્રિવેદી-૯૮૨૪૨ ૬૬૧૬૦ તથા વૈધ મયુર પટેલ-૯૪૦૮૪ ૨૨૨૮૬નો સંપર્ક કરવા જણાવાયું છે.

હોસ્પિટલમાં ફરજ બજાવતા સરકારી ડ્રાઈવરની એમ્બ્યુલન્સને બખ્ખા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના કેટલાય દર્દીઓ ગંભીર આવતા હોય છે. હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ ગંભીર દર્દીઓને અમદાવાદ વધુ સારવાર માટે મોકલવામાં આવે છે. પરંતુ એમ્બ્યુલન્સને લઈને દર્દીઓ તેમજ સગાઓ હંમેશા બુમ પાડતા હોય છે. હોસ્પિટલ તંત્રને અનેકવાર ફરિયાદો પણ મળી છે. પરંતુ હોસ્પિટલમાં ફરજ બજાવતા એક ડ્રાઈવર પોતાની ખાનગી એમ્બ્યુલન્સ ગોઠવી દીકતી કમાણી શરુ કરી છે. એમ્બ્યુલન્સના નામે દર્દીઓ પાસેથી અનેકગણું વધુ ભાડું વસુલાય છે. જેથી દર્દીઓને સરકારી એમ્બ્યુલન્સ ઝડપી પ્રાપ્ત થઈ રહી નથી.

ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં કાર્યરત એક કાયમી ડ્રાઈવરે પોતાની એમ્બ્યુલન્સ ગોઠવી દીધી છે. એમ્બ્યુલન્સ ફેરવીને વેપાર કરે તેમાં નવાઈ નહી, પરંતુ નોકરીના ભોગે નહી... આ ડ્રાઈવર બાબુ ફોન પર બેસી રહે છે કારણ કે તેમને દર્દીને લઈને જવામાં રસ નહી પરંતુ પોતાની એમ્બ્યુલન્સ માટે કોઈ દર્દી આવી જોય તો દુરની માટે પોતે જ ફોન ઉપાડી વાત કરે છે. કેટલીકવાર તો સરકારી એમ્બ્યુલન્સ હોવા છતા દર્દીઓને બગાડી છે, તેમજ અમદાવાદ ગઈ છે આવતા મોડુ થશે આવા જવાબો સાંભળવા મળતા જ દર્દીના સગા દ્વારા પ્રાઈવેટ એમ્બ્યુલન્સનો ઉપયોગ કરે છે. જેમાં અમદાવાદનું પણ અદ્યધ ભાડું વસુલવામાં આવે છે. દર્દીઓમાં એમ્બ્યુલન્સ નિયમિત મળી રહે તેવું ઈચ્છી રહ્યા છે. આ અંગે હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. બિપિન નાયક સાથે વાત કરતા તેઓએ જણાવ્યું કે અમારી જાણમાં નથી અને આવી બાબત હશે તો ચોક્કસ તપાસ કરીને જવાબદાર સામે શિક્ષાત્મક પગલા ભરીશું.

શહેરના વેપારીઓએ ચીની ફટાકડાનો બહિષ્કાર કર્યો

સેકટર-૬, ૨૧ અને ૨૪માં ફટાકડાના સ્ટોલનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના વિવિધ સ્થળો પર ફટાકડા બજારનો પ્રારંભ થઈ ગયો છે. શહેરમાં સેકટર-૬, ૭, ૨૧,અને ૨૪ માં મળીને કુલ ૧૦૦ જેટલા સ્ટોલ લાગી ચુક્યા છે. આ વર્ષે ફટાકડા બજારમાં ચીની ફટાકડા દેખાશે નહી માત્રને માત્ર સ્વદેશી ફટાકડાનું જ વેચાણ કરવામાં આવશે. મોંઘવારીને અનુલક્ષી ફટાકડાના ભાવમાં આ વર્ષે માત્ર સામાન્ય ભાવ વધારો જોવા મળશે. ફટાકડા ફુટવાથી નહી પણ ભાવ સાંભળીને પણ નાગરીકો દાઝે તો નવાઈ નહી. આ વર્ષે નગરના વેપારીઓએ ચીની ફટાકડાનો બહિષ્કાર કર્યો છે જેથી નગરમાં ચીની ફટાકડા ફુટશે નહી. શહેરના વેપારીઓની આ પહેલને નગરજનોએ પણ આવકારી છે.

ઉરીમાં આંતકવાદી હુમલામાં માર્યા ગયેલા જવાનોને પગલે પાકિસ્તાનનો ચો તરફ વિરોધ થઈ રહ્યો છે. ત્યારે ચીને પાકિસ્તાનને પીઠબળ આપતા ભારતવાસીઓ એ પણ ચીની ચીજવસ્તુનો બહિષ્કાર કરીને ચીનને પણ પાઠ ભણાવાની તૈયારી કરી લીધી છે. સોશ્યલ મીડીયા પર ચીની ચીજવસ્તુના બહિષ્કારનો પ્રચાર અને પ્રસાર જોરશોરથી થઈ રહ્યો છે. જેથી વેપારીઓ દ્વારા પણ ચીની ફટકડા લાવીને ઝોખમ ખેડવાનું મુનાસિબ માન્યું નથી. ગાંધીનગર શહેરમાં તંત્ર દ્વારા ફટાકડાના સ્ટોલની મંજુરી મળતા જ નગરના વિવિધ સ્થળો પર ફટાકડા બજાર ઉભા થઈ ગયા છે. સેકટર-૬, ૨૧ અને ૨૪ માં મોટું બજાર ભરાયું છે. જયારે કેટલાક સ્થળો પર વેપારીઓ દ્વારા છુટક વેચાણ કરવામાં આવી રહ્યું છે. શહેરમાં સ્ટોલ ધારક વેપારીઓએ ચીની ફટાકડા ખરીદ્યા જ નથી જેથી વેચાણનો કોઈ પ્રશ્ન ઉભો થતો નથી. ચીની ફટાકડામાં વિવિધ વેરાયટી જોવા મળતી હતી. પરંતુ ચીની ફટાકડા નુકશાનકર્તા હોવાથી તંત્ર દ્વારા પણ સ્ટોલ પર તપાસ કરવામાં આવે છે. જેથી આ વર્ષે વેપારીઓ એક થઈ ને ચીની ફટકડાનો બહિષ્કાર કર્યો છે. નગરમાં બાળકો માટે તારામંડળ, દોરી, પેન્સીલ, કોઠી, ચક્કર, મરચી, લક્ષ્મી સહિત મોટા ધડાકા કરતા માત્રને માત્ર સ્વદેશી ફટાકડા જ મળશે. ત્યારે શહેરના વેપારીઓના આ ચીની ફટાકડાના બહિષ્કારને નગરના નાગરીકોએ પણ આવકાર્યો છે.

શહેરમાં ટોરેન્ટ પાવર દ્વારા ખોદેલા ખાડાથી અકસ્માતનો ભય

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર અવારનવાર ટેલિફોન-ટોરેન્ટ પાવર દ્વારા નવી ડીપી નાંખવાનું કામ ચાલતું હોય છે તો ચોમાસામાં ઘણી જગ્યાએ મોટા ખાડા-ટેકરા પડેલા જોવા મળે છે.

સે-૨૭માં નવી ડીપી નાખવાનું કામ ચાલતું હતું. ઘણો સમય થયો હોઈ નવા ડીપી.ના મેઈન વાયર ખુલ્લા જોવા મળ્યા છે તેની આજુ બાજુ પાલ્ટર કરેલ નથી. જેથી બાળકો રમતા હોય તો અકસ્માતનો ભય રહેલો છે. આ ઉપરાંત શિવ શકિત મંદિરની બાજુ નવી ડીપી નાંખતા ખોદેલ ખાડા પુરતા ખુબ મોટો ટેકરો રાખેલ છે તેની ઓન લાઈન ફરિયાદ કરવા છતાં કોઈ નિવારણ આજ દિન સુધી આવ્યું નથી.

આ ઉપરાંત સેકટર-૧૫ની સરકારી કોલેજ આગળ ખુબ જ મોટો ખાડો છે તેની વિદ્યાર્થીઓ દ્વારા રજુઆત મળેલ હોઈ તંત્ર દ્વારા આ સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવા સે-૨૭ના પ્રમુખ જયંતિભાઈ પટેલે વિનંતી કરી છે.

લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય

ગાંધીનગર, તા.૨૬

પૂ. તાવરિયાજી નિર્દિષ્ટ 'લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય' (શારીરિક, માનસિક, આધ્યાત્મિક) નો દર માસના છેલ્લા શુક, શનિ, રવિ દરમિયાન નિયમિતપણે યોજાતો નિઃશુલ્ક કાર્યક્રમ તારીખ ૨૮-૧૦-૧૬થી તા. ૩૦-૧૦-૧૬ દરમિયાન સવારે ૮.૦૦ થી ૯.૦૦ કલાકે બલરામ મંદિર, ભોંયતળિયે (હોલમાં), સે-૧૨, ગાંધીનગર ખાતે યોજાનાર છે. જેનો લાભ લેવા નગરજનોને ભાવભર્યું આમંત્રણ છે.

યુવાનોના પ્રોબ્લેમ્સનું સોલ્યુશન આપશે 'યુવાકથા'

શહેરના જાણીતા ગુજરાતી ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક-લેખક જગદીશ સોનીની નવી ફિલ્મ : 'યુવાકથા - પ્રોબ્લેમ એન્ડ સોલ્યુશન' : ફિલ્મમાં ગાંધીનગરના અનેક યુવાનો અભિનયના અજવાળા પાથરી રહ્યા છે

ગાંધીનગર, તા.૨૬

એવું કહેવાય છે કે આજનો યુગ એ યુવાનોનો યુગ છે. આજના યુવાનો પ્રતિભાશાળી છે, વિચારશીલ છે અને પોતાની સમસ્યાઓ પોતે જાતે જ ઉકેલી શકે તેટલા સક્ષમ પણ છે. યુવાનોની આવી જ અનોખી વાત લઈને શહેરના જાણીતા ગુજરાતી ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક-લેખક જગદીશ સોની તેમની આગામી ફિલ્મ બનાવી રહ્યા છે જેનું ટાઈટલ છે 'યુવાકથા-પ્રોબ્લેમ એન્ડ સોલ્યુશન.' આ ફિલ્મ આજના યુવાનોને કેન્દ્ર સ્થાને રાખીને બનાવાઈ છે પરંતુ આ ફિલ્મમાં કયાંય એક પણ સીન કોલેજનો નથી અને ગાંધીનગરના અનેક નવોદિત યુવા અભિનેતાઓ આ ફિલ્મમાં અભિનય આપી રહ્યા છે.

ગુજરાતી અર્બન સિનેમામાં કંઈક હંમેશા નવતર આપવાની કોશિષ કરતા જગદીશ સોનીએ જાતે આ ફિલ્મની વાર્તા તથા પટકથા લકી છે.

વળી, આ ફિલ્મનું દિગ્દર્શન પણ તેઓ જાતે સંભાળી રહ્યાં છે. આ ફિલ્મમાં તદ્દન નવા ચહેરાઓને તક આપવામાં આવી છે. જેમાં સૌથી વધુ કલાકારો ગાંધીનગરના છે. આ ફિલ્મ માટે ગાંધીનગર તથા કલોલ જેવા વિવિધ સ્થળે ઓડિશન લઈ હજજારો યુવા અભિનેતા-અભિનેત્રીઓમાંથી સ્ટારકાસ્ટ પસંદ કરવામાં આવી છે. સેફીશિયન્ટ' સમજતા યુવાનોને

'દર્શકોને ફિલ્મમાં એવું એન્ટરટેઈનમેન્ટ જોઈએ છે કે જેને તેઓ પરિવાર સાથે માણી શકે, મારી ફિલ્મમાં એન્ટરટેઈનમેન્ટ તો છે જ પરંતુ સાથે તે એક સારો સંદેશ પણ આપે છે. ફિલ્મ પરિવાર સાથે માણી શકાય તેવી છે. આજના યુવાનો હંમેશા 'શેરીંગ' કરવામાં માને છે. આ ફિલ્મમાં પણ યુવાનો પોતાના પ્રોબ્લેમ્સનું શેરીંગ કરે છે અને તેના દ્વારા જ તેનું સોલ્યુશન પણ મેળવે છે. ટૂકમાં આ એક રસ્તો બતાવતી ફિલ્મ છે.'

- જગદીશ સોની
લેખક-દિગ્દર્શક
ફિલ્મ-યુવાકથા : પ્રોબ્લેમ એન્ડ સોલ્યુશન

ફિલ્મનું કથાનક સંપૂર્ણપણે યુવાનોની આસપાસ મંડરાય છે પોતાને 'સેલ્ફ-કારકિર્દી, મિત્રો, પ્રેમ, સેકસ તથા મહત્વાકાંક્ષાઓ બાબતે ઉભી થતી સમસ્યાઓ, તેમની ભૂલો અને પછી તેમના પોતાના દ્વારા શોધાયેલ સોલ્યુશનની રોચક કથા ફિલ્મમાં વણી લેવાઈ છે. આમ છતાં આ ફિલ્મમાં કોઈ પણ જાતની 'વલ્ગારિટી' નથી અને ફિલ્મ સંપૂર્ણપણે પરિવાર સાથે જોઈ શકાય તેવી સાફસુથરી મનોરંજક બનાવાઈ છે તેવો જગદીશ સોનીનો દાવો છે. તન્વી ગ્રેવિશા પિકચર્સ પ્રા.લિ. દ્વારા આ ત્રીજી મલ્ટીપ્લેક્ષ ફિલ્મ હોવાનું જણાવતા તેમણે કહ્યું હતું કે હાલ ગુજરાતીમાં યુવાનોને લગતી ફિલ્મોને સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને મારી ફિલ્મમાં માત્ર ૧૮ થી ૨૫ વર્ષના યુવા કલાકારો જ છે કોઈ વધુ ઉંમરવાળુ પાત્ર નથી અને ફિલ્મ સંપૂર્ણપણે આઉટડોર શુટિંગમાં બનાવવામાં આવી છે.

તાલુકાના ચિલોડા મોટા પ્રે સેન્ટરમાં ફરજ બજાવતા શિક્ષિકા શ્રીમતી સુલોચનાબેન વય મર્યાદાને કારણે નિવૃત્ત થતાં શાળાના પટાંગણમાં વિદાય સમારંભ દ્વારા ભાવભીની વિદાય આપવામાં આવી હતી. નિવૃત્ત થતા સુલોચનાબેને શિક્ષિકા તરીકે ૩૩ વર્ષની શૈક્ષણિક કારકીર્દી તરીકે સેવા બજાવી હતી. જેમાં ચિલોડા પ્રાથમિક શાળામાં આસીસ્ટન્ટ શિક્ષિકા તરીકે સતત ૧૭ વર્ષથી સેવા આપી હતી. સુલોચનાબેન તા. ૩૧-૧૦-૨૦૧૬ના રોજ વયમર્યાદાથી નિવૃત્ત થતા શાળા પરિવારે શાલ ઓઢાડી, ગણપતિની મૂર્તિ, શ્રીફળ, સાકર અર્પણ કરી વિદાય આપી હતી. આ સમારંભમાં શાળાના આચાર્યશ્રી હર્ષદભાઈ પટેલ તથા શાળા પરીવારે સુલોચનાબેનને દીર્ઘાયુ આયુષ્ય અને શેષ જીવન સુખમય બને તેવી શુભેચ્છા પાઠવી હતી.

ચિરવિદાય

- સ્વ. ડાહીબેન ખોડાભાઈ ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. લીલાબેન કિશનભાઈ ખરાડી, ઉ.વ. ૪૫
- સ્વ. સજજનસિંહ પ્રતાપસિંહ વાઘેલા, ઉ.વ. ૭૫
- સ્વ. દલીબેન રામસિંગભાઈ દંતાણી, ઉ.વ. ૬૦
- સ્વ. નિતિનભાઈ અમૃતલાલ જોશી, ઉ.વ. ૫૫